The Knowledge Spectrum: An International Peer-Reviewed Multidisciplinary Journal

ISSN: 3107-3557 (Online)

74

# શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં ભારતીય જ્ઞાન પરંપરા અને મૂલ્યો

**Jyoti G. Chavda**
Reseach Scholar
Saurashtra University Rajkot, Gujarat

**સારાંશ:**

શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ એ દરેક રાજ્યની, દેશની, વિદેશની કહો કે વિશ્વની મૂળભૂત જરૂરિયાત છે. શિક્ષણ અનિવાર્ય જ છે. શિક્ષણ એ દેશની સમૃદ્ધ માનવ પ્રતિભા અને સંસાધનોનો ઉત્તમ વિકાસ અને સંવર્ધન કરવા માટે જરૂરી છે. પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિ ખરેખર અનોખી અને અદ્ભુત હતી. પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિમાં ગુરુકુળ, તક્ષશિલા, નાલંદા જેવા કેન્દ્રો હતા. તે દરેકનો મુખ્ય મોટો વ્યક્તિનો સર્વાંગી વિકાસ, વ્યવહારિક જ્ઞાન તથા નૈતિક મૂલ્યો પર આધારિત શિક્ષણ આપવાનો હતો. શિક્ષણમાં વેદ, દર્શન, ગણિત, ભૂગોળ, વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, વૈદિક શિક્ષણ, યુદ્ધ આધારિત શૈક્ષણિક વિષયો પર જ્ઞાન આપતા આધુનિક શિક્ષણમાં વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે વિજ્ઞાન ટેકનોલોજીની સાથે યોગ, ધ્યાન અને સર્વધર્મસમભાવ જેવા માનવીય મૂલ્યોને સમજવા, જાણવા તેમજ તેને જીવનમાં ઉતારવા જેથી આધુનિક શિક્ષણ દ્વારા પણ માનવીનો સર્વાંગી વિકાસ થઈ શકે. વર્તમાન સમયમાં શિક્ષણમાં અને સમાજમાં મૂલ્યોની અછત વર્તાય છે. નૈતિક સમાજની રચના માટે શિક્ષણમાં આ મૂલ્યોનો સમાવેશ કરવો ખરેખર મહત્વપૂર્ણ છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 એ 21મી સદીની પહેલી શિક્ષણનીતિ છે કે, જેનું લક્ષ્ય આપણા દેશના વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાતો પૂરી કરવાનું છે. પ્રાચીન અને સનાતન ભારતીય જ્ઞાન અને વિચારોની સમૃદ્ધ પરંપરાના માર્ગદર્શનના આધારે નીતિ તૈયાર કરવામાં આવી છે. આધ્યાત્મ અને મૂલ્ય શિક્ષણ જો ખરા અર્થમાં બાળકમાં નાનપણથી જ રોપવામાં આવે તો નૈતિકતા, ઈમાનદારી, ફરજ, સન્માન જેવા મૂલ્યો થકી આપણે વિશ્વમાં અનોખી છાપ પાડી શકીએ. માતૃભાષા એટલે મારી દૃષ્ટિએ માની ભાષાભિવ્યક્તિ અને સમાજના વિકાસમાં માતૃભાષાની ભૂમિકા મહત્વની છે. શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં ભારતીય જ્ઞાન પરંપરા અને મૂલ્યો માટે આપણે આપણી શિક્ષણ વ્યવસ્થાને સુદૃઢ બનાવવી જ રહી. પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિ, યોગ, આધ્યાત્મ, માતૃભાષા અને જીવન કૌશલ્યોના સુમેળ સંયોગથી શિક્ષણનું સ્તર ઊંચું લાવી શકાય. જો ખરા અર્થમાં નવી રાષ્ટ્ર શિક્ષણનીતિ 2020નો સંપૂર્ણ અમલ થાય તો ભારતને વિશ્વની મહાસત્તા બનતા કોઈ રોકી શકે નહીં.

**ચાવીરૂપ શબ્દો** : યુવાધન, અધ્યાપનશાસ્ત્ર, આધ્યાત્મ, પ્રત્યાયન, ભાષાભિવ્યક્તિ, શિક્ષણનીતિ, મૂલ્યો

---

**પ્રસ્તાવના:**

શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ એ દરેક રાજ્યની, દેશની, વિદેશની કહો કે વિશ્વની મૂળભૂત જરૂરિયાત છે. શિક્ષણ અનિવાર્ય જ છે. શિક્ષણ એ દેશની સમૃદ્ધ માનવ પ્રતિભા અને સંસાધનોનો

ઉત્તમ વિકાસ અને સંવર્ધન કરવા માટે જરૂરી છે. વ્યક્તિ, સમાજ રાષ્ટ્રથી માંડીને વૈશ્વિક કલ્યાણ માટે શિક્ષણ શ્રેષ્ઠ માધ્યમ છે. ગુણવત્તા યુક્ત સર્વવ્યાપી શિક્ષણ માટે શાળામાં પ્રવેશ ઉપલબ્ધ કરાવવો, આર્થિક વૃદ્ધિ, વૈજ્ઞાનિક પ્રગતિ, રાષ્ટ્રીય એકતા, સામાજિક ન્યાય અને સમાનતા તેમજ સાંસ્કૃતિક સંરક્ષણ વગેરે બાબતોમાં વૈશ્વિક સ્તર પર ભારતની સતત પ્રગતિ માટે ચાવીરૂપ છે. ભારતમાં યુવાધન વધુ છે. યુવાધનને ઉચ્ચ ગુણવત્તા યુક્ત શિક્ષણ મળશે, મૂલ્યો આધારિત શિક્ષણના પાયા જો આપણે મજબૂત કરીશું, સર્વાંગી વિકાસ યુક્ત શિક્ષણ ખરા અર્થમાં વાવીશું તો ભારતને વિશ્વની મહાસત્તા બનતા કોઈ રોકી શકશે નહીં. શિક્ષણ સાથે જોડાયેલા જોઈએ ઉપવિષયો તો...

**પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિ ( ગુરુકુળ- તક્ષશિલા- નાલંદા):**

પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિ ખરેખર અનોખી અને અદ્ભુત હતી. આપણે ત્યાં કહેવાય છે કે,"જૂનું તેટલું સોનું". પ્રાચીન શિક્ષણ પદ્ધતિને વૈદિક શિક્ષણ પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિમાં ગુરુકુળ, તક્ષશિલા, નાલંદા જેવાં કેન્દ્રો હતાં . તે દરેકનો મુખ્ય મોટો વ્યક્તિનો સર્વાંગી વિકાસ, વ્યવહારિક જ્ઞાન તથા નૈતિક મૂલ્યો પર આધારિત શિક્ષણ આપવાનો હતો.

ગુરુકુળ પ્રણાલીની વિશેષતાઓ:

• ગુરુશિષ્યનો સંબંધ: ગુરુકુળનો શાબ્દિક અર્થ વિકિપીડિયા અનુસાર 'ગુરુનો પરિવાર' એવો થાય છે. વિદ્યાર્થીઓ ગુરુની સાથે એક જ નિવાસ્થાન પર રહેતા. ગુરુ પરિવારના મોભી જેમ બધાને સમાન જ્ઞાન આપતા.

• સર્વાંગી શિક્ષણ: શિક્ષણ એટલે માત્ર બે પુઠાં વચ્ચેની પાઠ્ય સામગ્રી માત્ર નહીં, પરંતુ જીવન જીવવાની ચાવી. શિક્ષણમાં વેદ, દર્શન, ગણિત, ભૂગોળ, વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, વૈદિક શિક્ષણ, યુદ્ધ આધારિત શૈક્ષણિક વિષયો પર જ્ઞાન આપતા.

• આચરણ અને વ્યક્તિત્વ વિકાસ: ગુરુકુળ પદ્ધતિનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને શારીરિક, માનસિક, બૌદ્ધિક, આધ્યાત્મિક, નૈતિક શિક્ષણ આપી તેને જવાબદાર અને ઈમાનદાર નાગરિક બનાવવાનો હતો.

• પ્રાયોગિક શિક્ષણ: ગુરુકુળ પરંપરામાં પ્રાયોગિક શિક્ષણને પણ મહત્વ આપવામાં આવતું. અભ્યાસના અનુસંધાનમાં પ્રાયોગિક શિક્ષણ આપતા.

• સમાન તક: પૈસાદાર હોય કે અમીર બધાને એક સાથે એક જ સ્થાન પર સમાન શિક્ષણ અને સમાન તક આપવામાં આવતી.

• શુલ્ક અને દક્ષિણા: ગુરુ શિક્ષણના બદલામાં વિદ્યાર્થીઓ પાસેથી કોઈ શુલ્ક ન લેતા. શિક્ષણ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ ગુરુની સેવા કરતા અથવા તો પોતાની શક્તિ મુજબ ગુરુ દક્ષિણા આપતા.

નાલંદા ભારતની સૌથી પ્રાચીન વિદ્યાપીઠ હતી, ત્યાં બૌદ્ધ ધર્મનું જ્ઞાન અપાતું. એ ઉપરાંત વેદ, હેતુ વિદ્યા, શબ્દ વિદ્યા, વ્યાકરણ  જ્યોતિષ, ચિકિત્સા, વિદ્યા યોગ જેવું વિવિધલક્ષી શિક્ષણ ત્યાં મળતું. તક્ષશિલા પ્રાચીન ભારતમાં શિક્ષણનું એક પ્રસિદ્ધ કેન્દ્ર હતું જ્યાં હજારો વિદ્યાર્થી દૂર દૂરથી શિક્ષણ પ્રાપ્ત કરવા આવતા. યુનિવર્સિટીના રૂપમાં આ વિદ્યાલય કાર્ય કરતાં. ત્યાં વિવિધ વિદ્વાનો વિભિન્ન વિશ્વના જાણકાર આચાર્ય હતા. આચાર્ય ચાણક્ય જેવા મહાન વિધવાન પણ અહીં જોડાયેલા હતા.

આધુનિક શિક્ષણમાં વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે વિજ્ઞાન ટેકનોલોજીની સાથે યોગ, ધ્યાન અને સર્વધર્મસમભાવ જેવા માનવીય મૂલ્યોને સમજવા, જાણવા તેમજ તેને જીવનમાં ઉતારવા જેથી આધુનિક

શિક્ષણ દ્વારા પણ માનવીનો સર્વાંગી વિકાસ થઈ શકે. વર્તમાન સમયમાં શિક્ષણમાં અને સમાજમાં મૂલ્યોની અછત વર્તાય છે. નૈતિક સમાજની રચના માટે શિક્ષણમાં આ મૂલ્યોનો સમાવેશ કરવો ખરેખર મહત્વપૂર્ણ છે. પ્રાચીન સમયમાં ગુરુ શિષ્યના સંબંધોમાં મર્યાદા જોવા મળતી ઉપરાંત વિદ્યાર્થીઓ ગુરુને સર્વે સર્વા માનતા આધુનિક સમયમાં ગુરુ શિષ્યના સંબંધોમાં મર્યાદાઓને વિસારે પાડી સમાજ માટે કલંક રૂપ બનતા કેટલાંક ઉદાહરણો આપણી નજર સમક્ષ આવે છે. જે ખરેખર શિક્ષણ અને સમાજ માટે લાલબત્તી સમાન છે. પ્રાચીન પરંપરા ને આધુનિક શિક્ષણમાં યથાયોગ્ય ઉતારવામાં આવે તો આધુનિક શિક્ષણમાં વિશ્વાસ અને જવાબદારીનો માહોલ બની શકે. પ્રાચીન સમયમાં યોગ અને ધ્યાનનું ખૂબ મહત્વ હતું. હાલના સમયમાં પણ શિક્ષણ સંસ્થાઓમાં પ્રાચીન પરંપરાને ધ્યાને લઈ યોગ ધ્યાન જેવી મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓને સ્થાન અપાવ્યું છે જેનાથી શીખવાની ક્ષમતામાં સુધારો જોવા મળે છે. આધુનિક શિક્ષણમાં પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિને તેના મૂળ સિદ્ધાંતોને અપનાવીને વિજ્ઞાન ટેકનોલોજી સાથે જ્ઞાન સંસ્કાર ચારિત્ર્ય અને વ્યવહાર કુશળતાની સ્થાપના કરી શકીએ માત્ર ડિગ્રીધારી શિક્ષણ નહીં ખરા અર્થમાં શિક્ષણની યોગ્યતા સ્થાપિત કરી શકીએ.

**નવી શિક્ષણ નીતિ 2020માં ભારતીય જ્ઞાન પરંપરાનું પુનઃસ્થાપન:**

સાતત્યપૂર્ણ વિકાસ લક્ષણ કયું 2030 સંયુક્ત રાષ્ટ્રોના લક્ષ્યાંક ક્રમાંક 4 માં પ્રતિબિંબિત અને ભારત દ્વારા 2015માં અપનાવાયેલ વૈશ્વિક શૈક્ષણિક વિકાસકાર્ય સૂચિ આ પ્રમાણે છે વર્ષ 2030 સુધીમાં વિશ્વના બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવનપર્યંત અધ્યયન માટેની તકો અને પ્રોત્સાહન આપવું આ માટે સમગ્ર શિક્ષણ પ્રણાલીના માળખાને નવેસરથી તૈયાર કરવા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની રચના કરવામાં આવી.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 એ 21મી સદીની પહેલી શિક્ષણનીતિ છે કે, જેનું લક્ષ્ય આપણા દેશના વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાતો પૂરી કરવાનું છે. પ્રાચીન અને સનાતન ભારતીય જ્ઞાન અને વિચારોની સમૃદ્ધ પરંપરાના માર્ગદર્શનના આધારે નીતિ તૈયાર કરવામાં આવી છે. જ્ઞાન પ્રજ્ઞા અને સત્યને ભારતીય વિચાર પરંપરા અને ફિલસૂફીમાં સદાય સર્વોચ્ચ માનવ લક્ષ્ય માનવામાં આવતું હતું. પ્રાચીન ભારતમાં શિક્ષણનું લક્ષ સાંસારિક જીવન અથવા તો શાળા બાદના જીવનની તૈયારી માટે માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવું એટલું જ નહીં પરંતુ સંપૂર્ણ આત્મજ્ઞાન અને મુક્તિના રૂપમાં માનવામાં આવતું હતું. તક્ષશિલા નાલંદા વિક્રમશીલા અને વલભી જેવા પ્રાચીન ભારતના વૈશ્વિક કક્ષાના સંસ્થાનોમાં અધ્યયના વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને શોધના ઊંચા માનદંડો પ્રસ્થાપિત કરવામાં આવેલા. આ જ શિક્ષણ ચરક, સુશ્રુત, આર્યભટ્ટ, વરાહમિહિર, ભાસ્કરાચાર્ય, બ્રહ્મગુપ્ત, ચાણક્ય, ચક્રપાણી, દત્તા, માધવ, પાણીની, પતંજલિ,નાગાર્જુન, ગૌતમ, પિંગળા, શંકર દેવ, મૈત્રી, ગાર્ગી અને થિરુવલ્લુવર જેવા અનેક મહાન વિદ્વાનોને જન્મ આપ્યો છે. આ વિદ્વાનોનું વૈશ્વિક કક્ષાએ જ્ઞાનના વિવિધ ક્ષેત્રો જેવાં કે, ગણિત, ખગોળવિજ્ઞાન, ધાતુવિજ્ઞાન, ચિકિત્સા વિજ્ઞાન અને બાંધકામ, ઇજનેરી, સ્થાપત્ય જહાજ નિર્માણ અને દિશા જ્ઞાન, યોગ, લલિતકલા, શતરંજ વગેરેમાં સંરચનાત્મક યોગદાન છે. ભારતીય સંસ્કૃતિ અને દર્શનનો વિશ્વમાં ઘણો પ્રભાવ રહ્યો છે. વૈશ્વિક મહત્વ ધરાવતા આવા સમૃદ્ધ વારસાને ભાવી પેઢીઓ માટે માત્ર જાળવણી કે સંરક્ષિત ન કરતા આપણી શિક્ષણ વ્યવસ્થા દ્વારા તેના ઉપર સંશોધન કાર્ય થવા જોઈએ તેમજ તેને વધુને વધુ સમૃદ્ધ કરવી જોઈએ અને તેના અધ્યતન ઉપયોગો વિશે પણ વિચારવું જોઈએ.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 કુલ ચાર વિભાગમાં વિભાજીત છે:**

- વિભાગ-૧ શાળા શિક્ષણ
- વિભાગ-૨ ઉચ્ચ શિક્ષણ
- વિભાગ-3 અન્ય કેન્દ્રવર્તી શિક્ષણ ક્ષેત્રો
- વિભાગ-૪ અમલીકરણ વ્યુહરચના

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નું નવું માળખું અધ્યાપનશાસ્ત્રના આધાર પર ૫+3+3+૪ ની નવી વ્યવસ્થામાં પુન:ગઠિત કરવાનો નિર્દેશ કરે છે.

**આધ્યાત્મ દ્વારા શિક્ષણ અને વેલ્યુ એજ્યુકેશનનું સંકલન:**

શિક્ષણ અને આધ્યાત્મ મારી દૃષ્ટિએ જુદાં નથી. શિક્ષણ માનવીને રોટલો રળતા શીખવાડે છે તો આધ્યાત્મએ રોટલાને ચાવતાં અને પચાવતાં શીખવે છે. વિચારશક્તિ, ભાષાશક્તિ અને સર્જનશક્તિનો પરિચય શિક્ષણ કરાવે છે. આધ્યાત્મ આ દરેક પર પ્રભુત્વ પ્રાપ્ત કરાવે છે. આજે ભારતમાં સાક્ષરતા દર સંતોષકારક છે પરંતુ આપણી સામાજિક સંસ્કૃતિ અને નૈતિક જીવનની અવ્યવસ્થાએ દેશમાં અશાંતિનું વાતાવરણ ઊભું કરી દીધું છે બહુ તકલીફ સાથે કહેવું પડે છે કે આજે જાતિવાદ, કોમવાદ, ભ્રષ્ટાચાર, વ્યભિચાર, બળાત્કાર, ચોરી, ખુલ્લેઆમ માણસોની હત્યા, બાળશોષણ અને બીજી અનેક અસામાજિક પ્રવૃત્તિઓમાં ભણેલા ગણેલા લોકો મોખરે હોય છે. ત્યારે વિચાર આવે કે, માત્ર ડિગ્રીધારીઓ પેદા થાય છે. આધ્યાત્મ અને મૂલ્ય શિક્ષણ જો ખરા અર્થમાં બાળકમાં નાનપણથી જ રોપવામાં આવે તો નૈતિકતા, ઈમાનદારી, ફરજ, સન્માન જેવા મૂલ્યો થકી આપણે વિશ્વમાં અનોખી છાપ પાડી શકીએ. ડો. રાધાકૃષ્ણન્, ગાંધીજી અને ટાગોર જેવા મહાપુરુષોએ એ વાત પર ભાર મૂક્યો કે, "શિક્ષણ એવું હોય જે વ્યક્તિ અને સમાજને નૈતિકતા થકી આધ્યાત્મિકતાના મૂલ્યો શીખવે."

**માતૃભાષા આધારિત શિક્ષણ અને જ્ઞાન પરંપરા:**

માતૃભાષા એટલે મારી દૃષ્ટિએ માની ભાષા. બાળક જન્મના એક બે વર્ષે મા પાસેથી, પરિવાર પાસેથી જે ભાષા શીખે તે તેની માતૃભાષા. બાળક માતૃભાષામાં જ વિચારે છે. સપનાંઓ પણ માતૃભાષામાં જ આવે છે. વ્યક્તિ અને સમાજના વિકાસમાં માતૃભાષાની ભૂમિકા મહત્વની છે એટલે વ્યક્તિના શિક્ષણનું માધ્યમ તેની માતૃભાષામાં હોય તે ઉપકારક છે. ઈ.સ. 1964 થી 1966 ના એજ્યુકેશન કમિશનના ચેરપર્સન ડી.એસ કોઠારીએ તો કહ્યું હતું કે, ભારત સિવાયના દુનિયાના કોઈપણ દેશમાં બાળકની ભાષા અને તેના શિક્ષણની ભાષા અલગ અલગ નથી. ચીન, જાપાન, જર્મની અને ઇઝરાયેલમાં બાળકોને તેમની જ ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. બ્રિટિશ શાસનને કારણે ભારતમાં અંગ્રેજી શિક્ષણ દાખલ થયું હતું. આજે પણ આપણે ત્યાં અંગ્રેજીનો પ્રભાવ વધુ છે. આપણને માતૃભાષામાં જ વિચારો આવે છે છતાં માતૃભાષા બોલતાં જાણે આજની યુવા પેઢી શરમ અનુભવે છે. આજના સમયમાં વિચારની ભાષા જુદી, અભિવ્યક્તિની ભાષા જુદી છે. પરિણામે વ્યક્તિ ન પુરું ગુજરાતી, ન પુરું હિન્દી, ન પૂરું અંગ્રેજી કે ન પૂરી કોઈ ભાષા બોલી શકે છે. વૈશ્વિક સંપર્ક માટે અંગ્રેજીની જરૂરિયાત છે પરંતુ તેના બદલામાં આપણી માતૃભાષાને કે આપણી સંસ્કૃતિ, આપણી પરંપરા છે તેને અભેરાઈએ ચડાવી દેવાની જરૂર નથી. સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાને તેમની આત્મકથા 'માય લાઇફ, માય સ્ટ્રગલ'માં લખ્યું છે કે, "કોઈપણ રાષ્ટ્ર તેની માતૃભાષાના વિકાસ વિના પ્રગતિ સાધી શકે નહીં." પરંતુ દેશમાં માતૃભાષા કે પ્રાદેશિક ભાષાઓની અવગણના થતી

જોવા મળે છે. પરિણામે માટી સાથે જોડાયેલી આપણી માતૃભાષા, મૂલ્યો, પરંપરાઓ, આપણી સંસ્કૃતિને ક્યાંક ને ક્યાંક આપણે જ વિસારે પાડી રહ્યા છીએ તે આપણા માટે બહુ દુઃખની વાત છે.

**આધ્યાત્મ યોગ અને જીવન કૌશલ્ય તરીકે શિક્ષણના સ્તર:**

અધ્યાત્મ: શિક્ષણ આપણને સાક્ષર બનાવે છે પરંતુ જેમ જેમ આપણે પ્રબુધ્ધ થતા જઈએ તેમ તેમ આપણે આધ્યાત્મિકતા તરફ ધીમી ગતિએ આગળ વધતા જઈએ છીએ. આધ્યાત્મ આપણા વ્યક્તિત્વને સમજવાની શક્તિ આપે છે. આધ્યાત્મનું આચરણ ભગવા વસ્ત્રો પહેરવા, ઘર સંસાર ત્યાગી જંગલમાં ચાલ્યા જવું, પરિવારથી વિખૂટાં થવું એવું નથી. સમાજમાં રહીને, સંસારનું સુખ ભોગવીને પણ આપણી અંદર રહેલા આત્માને શિક્ષણ અને આધ્યાત્મના રંગે રંગીને સુખેથી જીવી શકાય છે. આધ્યાત્મ એ ભીતરના શુદ્ધિકરણનું શિક્ષણ છે એવું મારું માનવું છે. આધ્યાત્મનને શિક્ષણ સાથે વણી લેવામાં આવે તો શિક્ષણનું સ્તર ઊચું આવી શકે.

યોગ: આધ્યાત્મ જેવું જ કંઈક યોગનું છે.  આજની ફાસ્ટ લાઇફમાં, અયોગ્ય આહારમાં, અનિંદ્રા ડિપ્રેશનના દોરમાં યોગ જરૂરી છે. પ્રાચીન કાળથી આપણે ત્યાં યોગનું જે મહત્વ રહ્યું છે તે આધુનિક સમયમાં મોર્ડન લુકમાં 'યોગા' નામે અવતર્યું ! પણ જે થયું તે સારું થયું. હાલ શાળા કક્ષાએ યોગને અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. નાનાથી લઈને મોટા સુધી મોટાભાગના લોકો યોગ તરફ પાછા વળ્યા છે કહો કે વળી રહ્યા છે. યોગ દ્વારા શરીર અને મનનું શુદ્ધિકરણ થાય છે. શિક્ષણમાં યોગના કારણે પરિવર્તન જોવા મળે છે. ભણતરના ભાર હેઠળ વ્યક્તિ દબાતો જાય છે તેને હળવો કરવા શિક્ષણમાં આધ્યાત્મ અને યોગ જેવા તત્વોની ખાસ જરૂર છે. આધ્યાત્મ, યોગ,ધ્યાન જેવા સ્તરો દ્વારા કથડતા શિક્ષણના સ્તરને સુધારી શકાય છે.  પ્રાચીન કાળથી જ યોગને શિક્ષણનું એક અભિન્ન અંગ ગણવામાં આવે છે. શિક્ષણની પ્રક્રિયા શાંત મન અને શાંત ચિત્તે થતી પ્રક્રિયા છે યોગ દ્વારા મન અને ચિત્ત ને શાંત રાખી શકાય છે માટે શિક્ષણમાં યોગ અને આધ્યાત્મ અનિવાર્ય છે.

જીવન કૌશલ્ય (life skills): આપણે જે શિક્ષણ મેળવીએ છીએ તેનો હેતુ જીવનને સમૃદ્ધ કરવાનો છે. આઝાદી પછી શિક્ષણ વ્યવસ્થામાં અનેક નવતર પ્રયોગો કરવામાં આવી રહ્યા છે; થોડી સફળતા મળી છે હજી ઘણું બાકી છે. ઉચ્ચ ડિગ્રીધારીઓ, ડોક્ટર, ઇજનેર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, પ્રોફેસર, મેડિકલ ઓફિસર વગેરે જીવનમાં સફળ થયા છે ખરા! છેલ્લા ઘણા સમયથી જીવન કૌશલ્ય ઉપર વધુ ભાર દેવાય રહ્યો છે; સ્કૂલ કોલેજનો અભ્યાસ પૂરો થયા પછી રોજિંદા જીવનમાં જીવન કૌશલ્યની જરૂરિયાત ઊભી થાય છે. શિક્ષણકાળ દરમિયાન જીવન કૌશલ્યના પાઠ ભણાવવામાં આવે તો વ્યક્તિ જીવનમાં સુખી થાય છે. જીવન કૌશલ્યમાં વ્યક્તિગત કૌશલ્ય, પ્રત્યાયન કૌશલ્ય, પારસ્પરિક સંબંધોનું કૌશલ્ય વ્યવસાયિક કૌશલ્યની જરૂરિયાત ઊભી થાય છે.

વ્યક્તિગત કૌશલ્ય: વ્યક્તિગત કૌશલ્ય વ્યક્તિ કેન્દ્રીય છે.  વ્યક્તિએ પોતે જ પોતાની જાતને સ્વ પ્રેરણા, સ્વ જાગૃતિ, આત્મવિશ્વાસ માટે તૈયાર કરવી પડશે. વ્યક્તિગત કૌશલ્ય બીજા બધા કૌશલ્યની ગરજ સારે છે. વ્યક્તિમાં વિશ્વાસનો અભાવ હોય તો તે કદી આગળ વધી શકે નહીં; પોતાની જાતને મજબૂત કરી આગળ વધવા માટે વ્યક્તિગત કૌશલ્ય જરૂરી  છે.

પારસ્પરિક સંબંધોનું કૌશલ્ય:  મનુષ્યને જીવનમાં કોઈને કોઈ સહારાની જરૂર હોય છે. વ્યક્તિ સમાજ, દેશ અને દુનિયા સાથે પરસ્પર સંબંધોથી જોડાયેલો છે. ક્રોધ, ઈર્ષા, અહંકાર, લોભ જેવી બાબતોથી

સંબંધો બગડે છે, વ્યક્તિનો વિકાસ રૂંધાય છે. અહંકાર ત્યાગી થોડું જતું કરવાની ભાવનાથી પરસ્પર સારા સંબંધો કેળવી શકાય છે.

પ્રત્યાયન કૌશલ્ય: બોલે તેના બોર વેચાય' ગુજરાતી કહેવત પ્રત્યાયનનું ઉદાહરણ છે. પરસ્પર આવડત દ્વારા આદાન-પ્રદાન કરવું પડશે. લખવું, વાંચવું, જાહેરમાં બોલવું એ બધું પ્રત્યાન કૌશલ્ય માટે અગત્યનું છે.

વ્યવસાયિક કૌશલ્ય : પરિવાર માટે અને પોતાના કામ માટે દરેક મનુષ્યને ચોવિસ કલાકનો સમય મળે છે.આજની ભાગદોડ વાળી જિંદગીમાં કામના ભારણથી વ્યક્તિ તણાવમાં આવી જાય છે. આપણું ઘર અને વ્યવસાય બંનેને સમાન રાખવા મન પર કાબુ મેળવવો પડશે એટલે કે હકારાત્મક દૃષ્ટિકોણ રાખવો પડશે. ખોટું છે તેને ખોટું કહેવાની હિંમત પણ રાખવી પડશે. જીવન કૌશલ્યનો ઉપયોગ સમગ્ર જીવન દરમિયાન અનિવાર્ય પણ એ કરવો પડે છે.

શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં ભારતીય જ્ઞાન પરંપરા અને મૂલ્યો માટે આપણે આપણી શિક્ષણ વ્યવસ્થાને સુદૃઢ બનાવી જ રહી. પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિ, યોગ, આધ્યાત્મ, માતૃભાષા અને જીવન કૌશલ્યોના સુમેળ સંયોગથી શિક્ષણનું સ્તર ઊંચું લાવી શકાય. જો ખરા અર્થમાં નવી રાષ્ટ્ર શિક્ષણનીતિ 2020નો સંપૂર્ણ અમલ થાય તો ભારતને વિશ્વની મહાસત્તા બનતા કોઈ રોકી શકે નહીં. શિક્ષણ થકી જ ઉન્નતિ છે.

**સંદર્ભ સૂચિ:**

1. प्राचीन भारतीय आर्य शिक्षा प्रणाली एवं वर्तमान शिक्षा व्यवस्था - सुनिता आर्य
2. Vediconcept.com
3. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020
4. મૂલ્ય આધારિત શિક્ષણ -એજ્યુકેશન વિકાસ પીડિયા
5. ભાષાનું શિક્ષણ અને માતૃભાષામાં શિક્ષણ ઓપિનિયન મેગેઝીન ચંદુ મહેરીયા
6. જીવન કૌશલ્ય માટેનું શિક્ષણ- ડો.યશવંત જોશી- ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી